ટોચની અગ્રતા
તાત્કાલિક
**By E-mail**

ક્રમાંક : ૫/ગાવ્ય/મા-૨/બેકલોગ/૨૦૧૯/૬૫૪૫-૭૮
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તારીખ : ~~૦૨~~-૦૩-૨૦૧૯.
૦૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા : તમામ.

**વિષય : તા.૦૧/૦૧/૨૦૧૯ ની સ્થિતિએ અનામત વર્ગોના પ્રતિનિધિત્વ, ઘટ તથા બેકલોગની માહિતી મોકલી આપવા બાબત.**

**સંદર્ભ :** શિક્ષણ વિભાગના તા.૧૬/૦૧/૨૦૧૯ ના પત્ર-ક્રમાંક : પરચ/૧૦૨૦૧૯/૩/ર.

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ દર્શિત પત્રને બિડાણ સહ મોકલી આપતા આપશ્રીને જણાવવાનું કે, આપના જિલ્લામાં આવેલ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તા.૦૧/૦૧/૨૦૧૯ ની સ્થિતિએ અનામત વર્ગોના પ્રતિનિધિત્વ, ઘટ તથા બેકલોગની સંકલિત માહિતી તથા ઘટ/બેકલોગની જગ્યાઓ ભરવા હાથ ધરેલ કાર્યવાહીની વિગતો સદર પત્રના બિડાણના પત્રક-૧,૨,૩ અને ૪ ના નિયત નમૂનામાં દિન-03 માં મોકલી આપવા જણાવવામાં આવે છે.

આ માહિતી મોકલતી વખતે નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

1. રોસ્ટર રજીસ્ટરની પૂરતી ચકાસણી કરીને જ માહિતી મોકલવી. તમામ પત્રકોમાં રોસ્ટર સંપર્ક અધિકારીની સહિ હોવી ફરજીયાત છે.
2. દરેક સંવર્ગ વર્ગ-૧/૨/૩/૪ પૈકી કયા વર્ગનો છે તે અચૂક દર્શાવવું. જો કોઈ સંવર્ગ કયા વર્ગમાં આવે છે તે સ્પષ્ટ ન હોય તો તે સંવર્ગનું પગારધોરણ અવશ્ય દર્શાવવું.
3. પત્રક-૧ માં સીધી ભરતીના તમામ સંવર્ગોની માહિતી દર્શાવવી. પત્રક-૨ માં બઢતીના તમામ સંવર્ગોની માહિતી દર્શાવવી. જ્યારે પત્રક-૩ (સમરીપત્રક), વર્ગ-૧/૨/૩/૪ પ્રમાણે દર્શાવવું. જેમાં પત્રક-૧ અને પત્રક-૨ માં દર્શાવેલ માહિતીનો સરવાળો કરવાનો રહેશે.
4. અનામત વર્ગોના માત્ર ઘટની જ જગ્યાઓ દર્શાવવી. વધની જગ્યાઓ દર્શાવવી નહી. તથા વધની સામે ઘટની જગ્યાઓ બાદ કરીને માહિતી દર્શાવવી નહીં.
5. વર્ગ-૪ ની જગ્યાઓ કે જે આઉટસોર્સીંગથી ભરાયેલ હોઈ, તેમાં અનામત-રોસ્ટર લાગુ પડતું ન હોઈ, તેની માહિતી ન મોકલવી.
6. જ્યાં બેકલોગ હોય ત્યાં બેકલોગ પૂર્ણ કરવા શા પગલાં લેવામાં આવેલ છે તથા છેલ્લાં ૧ વર્ષમાં કેટલા બેકલોગ ભરાયેલ છે તે દર્શાવવું.
7. કેટલીક કચેરીઓ દ્વારા શારીરીક ખોડખાંપણ (PH) અનામત બાબતનું પત્રક(પત્રક-૪) મોકલવામાં આવતું નથી, જે નિયમોનુસાર મોકલવાનું રહે છે. આથી પત્રક-૪ અચૂક મોકલવું.

ઉક્ત તા.૦૧/૦૧/૨૦૧૯ ની સ્થિતિએની માહિતી શિક્ષણ વિભાગને સમય-મર્યાદામાં મોકલવાની હોઈ આ બાબતે ટોચની અગ્રતા આપવા વિનંતી છે.

બિડાણ : ઉપર મુજબ

(સહી) ૦૫/૦૩
સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક,
ગાંધીનગર.